# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૧૭,
તા.૨૪/૦૭/૨૦૧૯ની કાર્યવાહી નોંધ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભા તારીખ ૨૪/૦૭/૨૦૧૯, બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી મીટીંગ હોલ, સરકારી પોલીટેકનીક કેમ્પસ, ખડીયા, જૂનાગઢ ખાતે માનનીય કુલપતિશ્રી પ્રો.(ડો.) સી.એન. ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર/ગેરહાજર રહયા હતા.

| ક્રમ | અધિનિયમની કલમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેરહાજર |
|---|---|---|---|---|
| 1 | 24 (I) (i) of Act 2015 | પ્રો.(ડો.) સી.એન. ત્રિવેદી | **Ex-Officio Member Chairperson** | હાજર |
| 2 | 24 (I) (iii) of Act 2015 | કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન ગુજરાત રાજ્ય | **Ex-Officio Member** | ગેરહાજર |
| 3 | 24 (I) (iv) of Act 2015 | કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન ગુજરાત રાજ્ય | **Ex-Officio Member** | ગેરહાજર |
| 4 | 24 (I) (v) of Act 2015 | કમિશ્નર ઓફ હેલ્થ એન્ડ મેડીકલ સર્વીસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન ગુજરાત રાજ્ય | **Ex-Officio Member** | ગેરહાજર |
| 5 | 24 (1)(II) (i) of Act 2015 | ડો.ચેતન એન.ત્રિવેદી | **Member** | હાજર |
| 6 | 24 (1)(II) (i) of Act 2015 | ડો. અતુલ એચ. બાપોદરા | **Member** | હાજર |
| 7 | 24 (1)(II) (i) of Act 2015 | ડો.સુહાસ જે.વ્યાસ | **Member** | હાજર |
| 8 | 24 (1)(II) (iii) of Act 2015 | ડો.નવલ પી. કપુરીયા | **Member** | હાજર |
| 9 | 24 (1)(II) (iii) of Act 2015 | ડો.દુષ્યંત આર. દુધાગરા | **Member** | હાજર |
| 10 | 24 (1)(II) (v) of Act 2015 | શ્રી ચંદ્રેશભાઈ હેરમા | **Member** | હાજર |
| 11 | 24 (1)(II) (v) of Act 2015 | સુ.શ્રી ભાવનાબેન અજમેરા | **Member** | હાજર |
| 12 | 24 (1)(II) (v) of Act 2015 | શ્રી જયભાઈ ત્રિવેદી | **Member** | હાજર |
| 13 | 24 (1)(II) (v) of Act 2015 | પ્રા.જીવાભાઈ વાળા | **Member** | હાજર |

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની તારીખ :૨૪/૦૭/૨૦૧૯ ને બુધવારના રોજ યુનિવર્સિટીના મીટીંગ હોલમાં સવારે ૧૧:૦૦ કલાકે મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલની બેઠક નંબર ૧૭ની કાર્યવાહી નોંધ(મિનિટ્સ)**

**બેઠકની શરૂઆતમાં એક્ઝીક્યુટીવ કાઉન્સિલના સભ્ય શ્રી ચંદ્રેશભાઈ હેરમા દ્વારા નવનિયુક્તિ કુલપતિશ્રીનું યુનિવર્સિટી પરીવારવતી અભિવાદન કર્યુ હતુ અને ઓછા સાધન અને સંશાધનમાં ટૂંકા ગાળામાં યુનિવર્સિટીની કાર્યપ્રણાલીની પ્રશંસા કરી સૌને શુભકામનાઓ પાઠવવામાં આવેલ હતી.**

**૧૭.૦૧**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની તા :૧૯/૦૬/૨૦૧૯ ને બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલ બેઠક નં.૧૬ની કાર્યવાહી નોંધ(મિનિટ્સ)ને મંજુર કરવા બાબત.**

**ઠરાવ ક્રમાંક:૧૭.૦૧**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની તા :૧૯/૦૬/૨૦૧૯ ને બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલ બેઠક નં.૧૬ની કાર્યવાહી નોંધ(મિનિટ્સ)ને વંચાણે લઈ સર્વાનુમતે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**૧૭.૦૨ એકેડેમિક**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની તા :૨૩/૦૭/૨૦૧૯ ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ એકેડેમિક કાઉન્સીલ બેઠક નં.૨ની કાર્યવાહી નોંધ(મિનિટ્સ)ને મંજુર કરવા બાબત.**

**ઠરાવ ક્રમાંક:૧૭.૦૨**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની તા :૨૩/૦૭/૨૦૧૯ ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ એકેડેમિક કાઉન્સીલ બેઠક નં.૨ની કાર્યવાહી નોંધ(મિનિટ્સ)ને વંચાણે લઈ સર્વાનુમતે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**૧૭.૦૩ જનરલ સ્ટોર**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે ટેબલ ખરીદી અંતર્ગત થયેલ ખર્ચ મંજૂર કરી ખરીદી અંતર્ગત કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે સમયાંતરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. કાર્યક્રમમાં પધારેલ મહેમાનોની ભોજન વ્યવસ્થા અત્રેની યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે. સેલ્ફ સર્વિસ ભોજન વ્યવસ્થાના આયોજન અંતર્ગત આવશ્યકતાને ધ્યાને લઈને ૧૦ સ્ટીલ ટેબલની ખરીદી ખાદી ગ્રામદ્યોગ મંદિર જૂનાગઢ ખાતેથી કરવામાં આવેલ જેનો કુલ ખર્ચ રૂા.૨૪૦૦૦/– થયેલ જે મંજૂર કરવા રજૂ. વધુમાં સદર ખરીદી અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા રજૂ.

**ઠરાવ ક્રમાંક:૧૭.૦૩**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે આવશ્યક્તાને ધ્યાને લઈ ખાદી ગ્રામદ્યોગ મંદિર જૂનાગઢ ખાતેથી ૧૦ સ્ટીલ ટેબલ ખરીદી અંતર્ગત થયેલ કુલ ખર્ચ રૂા.૨૪૦૦૦/– (ચૌવીસ હજાર રૂપીયા) મંજૂર કરી માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**

**૧૭.૦૪ જનરલ સ્ટોર**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે ડયુઅલ ડેસ્ક બેન્ચ ખરીદી અંતર્ગત થયેલ ખર્ચ મંજૂર કરી ખરીદી અંતર્ગત કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા માર્ચ/એપ્રિલ ૨૦૧૯માં લેવાયેલ સેમેસ્ટર ૨,૪ અને ૬ પરીક્ષાઓની ઉતરવહીઓની ચકાસણી અંગેની કામગીરી ઝડપથી પૂર્ણ કરી શકાય તે માટે પોલીટેકનીકના એફ વિંગ ખાતે વધુ એક રૂમ ફાળવવામાં આવતા તેમા અધ્યાપકોને ઉતરવહી ચકાસણી માટે જરૂરી બેઠક વ્યવસ્થા ગોઠવવા આવશ્યકતાને ધ્યાને લઈને ૩૨ ડયુઅલ ડેસ્ક બેન્ચની ખરીદી ખાદી ગ્રામદ્યોગ મંદિર જૂનાગઢ ખાતેથી કરવામાં આવેલ જેનો કુલ ખર્ચ રૂા.૧,૩૧,૨૦૦/– થયેલ જે મંજૂર કરવા રજૂ. વધુમાં સદર ખરીદી અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા રજૂ.

**ઠરાવ ક્રમાંક:૧૭.૦૪**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે અધ્યાપકોને ઉતરવહી ચકાસણી માટે જરૂરી બેઠક વ્યવસ્થા ગોઠવવા આવશ્યક્તાને ધ્યાને લઈને ખાદી ગ્રામદ્યોગ મંદિર જૂનાગઢ ખાતેથી ૩૨ ડયુઅલ ડેસ્ક**

| | |
|---|---|
| | **બેન્ચની ખરીદી અંતર્ગત થયેલ કુલ ખર્ચ રૂા.૧,૩૧,૨૦૦/– (એક લાખ એક્ત્રીસ હજાર બસો રૂપીયા) મંજૂર કરી માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.** |
| ૧૭.૦૫<br>જનરલ સ્ટોર | **ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે પરીક્ષા વિભાગની આવશ્યક્તાને ઘ્યાને સ્ટીલ કબાટ (સ્ટોરવેલ)ખરીદી અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.**<br>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પરીક્ષા વિભાગ ખાતે પરીક્ષાલક્ષી કામગીરીની આવશ્યક્તાને ઘ્યાને લઈને ૦૭ સ્ટીલ કબાટ (સ્ટોર વેલ), ખરીદી ખાદી ગ્રામદ્યોગ મંદિર જૂનાગઢ ખાતેથી કરવામાં આવેલ જેનો કુલ ખર્ચ રૂા.૩૨૦૦૦/– થયેલ જે મંજૂર કરવા રજૂ. વઘુમાં સદર ખરીદી અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા રજૂ.<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૦૫**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે પરીક્ષા વિભાગની આવશ્યક્તાને ઘ્યાને લઈ ખાદી ગ્રામદ્યોગ મંદિર જૂનાગઢ ખાતેથી ૦૭ સ્ટીલ કબાટ (સ્ટોર વેલ)ની ખરીદી અંતર્ગત થયેલ કુલ ખર્ચ રૂા.૩૨૦૦૦/–(બત્રીસ હજાર રૂપીયા ) મંજૂર કરી માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.** |
| ૧૭.૦૬<br>જનરલ સ્ટોર | ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે માનનીય કુલપતિશ્રી માટે વાહનની ખરીદી કરવા બાબત.<br>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા ૨૦૧૬માં માન.કુલપતિશ્રી માટે નવી ટોયોટો ડિઝલ કાર ખરીદવામાં આવેલ હતી.વાહનની કન્ડીશન ખુબજ સારી હતી પરંતુ કમનસીબે ફેબ્રુઆરી–૨૦૧૯માં જયારે માનનીય કુલપતિશ્રી તેમની કચેરી અંગેની કામગીરી પૂર્ણ કરી ભાવનગર થી જુનાગઢ પરત આવી રહયા હતા ત્યારે આ કારને અકસ્માત થયેલ. યુનાઈટેડ ઈન્ડિયા ઇન્સ્યુરન્સ દ્વારા આ કારનું ઇન્સપેકશન કરતા તેને ૧૦૦% લોસ જાહેર કરવામાં આવેલ હતી. આમ હાલ અત્રેની યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી પાસે એક પણ સરકારી વાહન નથી.<br>માન.કુલપતિશ્રીએ યુનિવર્સિટીના કામ સબબ વારંવાર વિવિધ સ્થળોની મુલાકાત લેવા જવા માટે તેમના માટે એક વાહનની ખુબ જરૂરીયાત છે. તેમના હોદ્દા પ્રમાણે સારૂ અને રક્ષણ પુરૂ પાડતા વાહનની જરૂરીયાત છે તેથી યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી માટે ટોયોટા ઇનોવા ક્રિષ્ટા ૨.૮ ડિઝલ કાર ખરીદવા અંગેની મંજૂરી આપવા અર્થે રજૂ.<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૦૬**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા માનનીય કુલપતિશ્રી માટે વાહન ખરીદી માટે નીચે મુજબની વિગતો વંચાણે લેવામાં આવી.**<br>**૧) તા.૧૮/૦૨/૨૦૧૯ના રોજ થયેલ અકસ્માતની વિગત**<br>**૨) યુનાઈટે ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લી. દ્વારા અકસ્માત થયેલ કારની વિગતે ટોટલ લોસ જાહેર કરવામાં આવેલ વિગત**<br>**૩) ૨૦૧૯–૨૦ના બજેટમાં રાજય સરકારશ્રી દ્વારા વાહન ખરીદી માટે મંજૂર કરેલ અનુદાનની વિગત**<br>**૪) ટોયોટા ઇનોવા ક્રિષ્ટા ૨.૪ ડિઝલ કાર અંગેના જુદા જુદા ભાવ પત્રકોની વિગત**<br>**ઉક્ત વિગત અંગે ચર્ચા વિચારણા કરી એક્ઝીક્યુટીવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે માનનીય કુલપતિશ્રી માટે નવી ટોયોટા ઇનોવા ક્રિષ્ટા ૨.૪ ડિઝલ કાર ખરીદવા અંગે મંજૂરી આપવામાં આવે છે તેમજ કાર અંગે જરૂરી વિમો, એસેસરીઝ,વગેરે ખરીદી માટે કુલસચિવશ્રીને સત્તા આપવામાં આવે છે.** |

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

**૧૭.૦૭ મહેકમ**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે પાંચ વર્ષ ફિક્સ પગાર ધોરણે ફરજ બજાવતા કર્મચારીઓના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ ભરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે પાંચ વર્ષ ફિક્સ પગાર ધોરણે ફરજ બજાવતા નીચે મુજબના ૨(બે) સીનીયર કલાર્ક તથા ૪(ચાર) જુનીયર કલાર્કના નિમણૂંકની તારીખથી નિચે મુજબની વિગતે દર્શાવેલ વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ ભરવાના થાય છે.

| ક્રમ | નામ | હોદ્દો | નિમણૂંક તારીખ | વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ | |
|---|---|---|---|---|---|
| | | | | ક્યારથી | ક્યાં સુધી |
| ૧ | યાદવ રાજેશ વી. | સીનીયર કલાર્ક | તા.૦૫/૦૫/૨૦૧૭ | તા.૦૫/૦૫/૨૦૧૭ | તા.૦૪/૦૫/૨૦૧૮ |
| | | | | તા.૦૫/૦૫/૨૦૧૮ | તા.૦૪/૦૫/૨૦૧૯ |
| ૨ | રૂપારેલીયા દષ્ટિ પી. | સીનીયર કલાર્ક | તા.૦૮/૦૫/૨૦૧૭ | તા.૦૮/૦૫/૨૦૧૭ | ૦૭/૦૫/૨૦૧૮ |
| | | | | તા.૦૮/૦૫/૨૦૧૮ | ૦૭/૦૫/૨૦૧૯ |
| ૩ | ચુડાસમા વિશાલ બી. | જુનીયર કલાર્ક | તા.૦૮/૦૫/૨૦૧૭ | તા.૦૮/૦૫/૨૦૧૭ | ૦૭/૦૫/૨૦૧૮ |
| | | | | તા.૦૮/૦૫/૨૦૧૮ | ૦૭/૦૫/૨૦૧૯ |
| ૪ | વૈશ્નવ યતિશચંદ્ર આર. | જુનીયર કલાર્ક | તા.૦૫/૦૫/૨૦૧૭ | તા.૦૫/૦૫/૨૦૧૭ | તા.૦૪/૦૫/૨૦૧૮ |
| | | | | તા.૦૫/૦૫/૨૦૧૮ | તા.૦૪/૦૫/૨૦૧૯ |
| ૫ | રાઠોડ હરવિજયસિંહ બી. | જુનીયર કલાર્ક | તા.૦૬/૦૫/૨૦૧૭ | તા.૦૬/૦૫/૨૦૧૭ | તા.૦૫/૦૫/૨૦૧૮ |
| | | | | તા.૦૬/૦૫/૨૦૧૮ | તા.૦૫/૦૫/૨૦૧૯ |
| ૬ | સોઢા હિતેન્દ્ર જી. | જુનીયર કલાર્ક | તા.૦૫/૦૫/૨૦૧૭ | તા.૦૫/૦૫/૨૦૧૭ | તા.૦૪/૦૫/૨૦૧૮ |
| | | | | તા.૦૫/૦૫/૨૦૧૮ | તા.૦૪/૦૫/૨૦૧૯ |

**ઠરાવ ક્રમાંક:૧૭.૦૭**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે પાંચ વર્ષ ફિક્સ પગાર ધોરણે ફરજ બજાવતા કર્મચારીઓના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ નિમણૂંક તારીખથી ભરવાના બાકી હોય ૨ (બે) વર્ષ એટલેકે વર્ષ ૨૦૧૭–૧૮ તથા વર્ષ ૨૦૧૮–૧૯ અહેવાલ ભરવા જણાવવામાં આવે છે. તેમજ કુલસચિવશ્રીએ ઉક્ત કર્મચારીઓના બે વર્ષના નિયમાનુસારના અહેવાલ સત્વરે ભરાવી આગામી એકઝીક્યુટીવ કાઉન્સિલની બેઠકમાં રજૂ રાખવા જણાવવામાં આવે છે.**

**૧૭.૦૮ મહેકમ**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે ૧૧ માસ કરાર આધારીત ફરજ બજાવતા ડેટા એન્ટ્રી ઓપરેટર કમ કલાર્ક તથા સેવક વર્ગના કર્મચારીઓનો કરારનો સમયગાળો વધારવા બાબત.**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે એકઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૧૬ ના ઠરાવ ક્રમાંક:૧૬.૦૨.૫ અનુસાર ૧૧ માસ કરાર આધારીત જગ્યાઓ ભરવા મંજૂરી આપવામાં આવેલ,જે અનુસંધાને ભરતી પ્રક્રિયા માટે ધારાધોરણ નક્કી કરવા સમિતિની રચના કરવામાં આવેલ. સમિતિના અહેવાલ વંચાણે લઈ ડ્રાઈવર, ડેટા એન્ટ્રી ઓપરેટર અને સેવક વર્ગના કર્મચારીઓની સેવા આઉટ સોર્સીગથી મેળવવા અંગે ભલામણ કરવામાં આવેલ છે.

ડેટા એન્ટ્રી ઓપરેટર તથા સેવક વર્ગના કર્મચારીઓનો સમયગાળો તા.૧૯/૦૭/૨૦૧૯ના રોજથી ક્રમશઃ પૂર્ણ થતો હોવાથી જયા સુધી આઉટ સોર્સીગ ભરવા અંગેની કાર્યવાહી ન થાય ત્યાં સુધી ડેટા એન્ટ્રી ઓપરેટર તથા સેવક વર્ગના કર્મચારી કરાર લંબાવવા અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની બહાલી આપવા બાબત.

**ઠરાવ ક્રમાંક:૧૭.૦૮**

**એકઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૧૬ના ઠરાવ ક્રમાંક:૧૬.૦૨.૫ અનુસાર કરાર આધારીત જગ્યાઓ ભરવા અંગે ધારાધોરણ નિયત થવા રચાયેલ સમિતિનો અહેવાલ વંચાણે લેવામાં આવ્યો.અહેવાલની વિગતે તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા આઉટ સોર્સીગથી જુદા જુદા સંવર્ગમાં મંજૂર કરવામાં અને અનુદાન આપવામાં આવે છે તે વિગત વંચાણે લઈ ડેટા એન્ટ્રી ઓપરેટર તથા સેવક વર્ગનો તા.૧૯/૦૭/૨૦૧૯થી ક્રમશઃ પુર્ણ થતો કરાર આઉટ સોર્સીગથી સદર સંવર્ગની જગ્યાઓની ભરતી કરવામાં આવે તેટલા સમય સુધી લંબાવવાનો સર્વાનુંમતે ઠરાવવામાં આવે છે. આ માટે કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવામાં આવે છે.**

નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

**૧૭.૦૯ મહેકમ**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે ૧૧ માસ કરાર આધારીત ડ્રાઈવર,ડેટા એન્ટ્રી ઓપરેટર કમ કલાર્ક તથા સેવક વર્ગના કર્મચારીઓની સેવા આઉટ સોર્સીંગથી મેળવવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૧૬ ના ઠરાવ ક્રમાંક:૧૬.૦૨.૫ અનુસાર નીચે મુજબની વિગતે ૧૧ માસ કરાર આધારીત ભરવા મંજૂરી આપવામાં આવેલ,જે અનુસંધાને ક્રમ નં.૧ થી ૧૦માં દર્શાવેલ જગ્યો ભરવા સમિતિની રચના કરવામાં આવેલ. સમિતિના અહેવાલની વિગતે ક્રમ ૧ થી ૭માં દર્શાવેલ જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી હાલ ચાલુ છે. તેમજ અહેવાલની વિગતે ક્રમ .૮ થી ૧૦માં દર્શાવેલ ડ્રાઈવર, ડેટા એન્ટ્રી ઓપરેટર અને સેવક વર્ગના કર્મચારીઓની સેવા આઉટ સોર્સીંગથી મેળવવા અંગે ભલામણ કરવામાં આવેલ છે.સમિતિના સભ્યશ્રીઓનો અહેવાલ વંચાણે લઈ ક્રમ .૮ થી ૧૦માં દર્શાવેલ ડ્રાઈવર, ડેટા એન્ટ્રી ઓપરેટર અને સેવક વર્ગના કર્મચારીઓની સેવા આઉટ સોર્સીંગથી સેવા મેળવવા અંગેની કાર્યવાહી કરવા મંજૂરી અર્થે સાદર રજૂ.

| ક્રમ | જગ્યાનું નામ | ક્રમ | જગ્યાનું નામ |
|---|---|---|---|
| ૧ | સીનીયર એન્જિનીયર(સીવીલ) | ૬ | પી.ટી.આઈ. |
| ૨ | સુપરવાઈઝર(સીવીલ) | ૭ | લેબોરેટરી આસિસ્ટન્ટ |
| ૩ | પ્રોગ્રામર,નેટવર્ક એન્જીનીયર તથા તેને સમકક્ષ | ૮ | ડ્રાઈવર |
| ૪ | વિભાગીય અધિકારી | ૯ | ડેટા એન્ટ્રી ઓપરેટર |
| ૫ | આસી.લાઈબ્રેરીયન | ૧૦ | સેવક |

**ઠરાવ ક્રમાંક:૧૭.૦૯**

**એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૧૬ના ઠરાવ ક્રમાંક:૧૬.૦૨.૫ અનુસાર કરાર આધારીત જગ્યાઓ ભરવા અંગે ધારાધોરણ નિયત થવા રચાયેલ સમિતિનો અહેવાલ વંચાણે લેવામાં આવ્યો.અહેવાલની વિગતે તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા આઉટ સોર્સીંગથી જુદા જુદા સંવર્ગમાં મંજૂર કરવામાં અને અનુદાન આપવામાં આવે છે તે વિગત વંચાણે લઈ ડેટા એન્ટ્રી ઓપરેટર,સેવક વર્ગ તથા ડ્રાઈવર સંવર્ગની જગ્યાઓની સેવાઓ આઉટ સોર્સીંગથી મેળવવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**૧૭.૧૦ મહેકમ**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે ૧૧ માસ કરાર આધારીત કર્મચારીઓની ભરતી અંગે આવેલ અરજી પરત્વે સ્કુટીની તથા ભરતી અંગેની કાર્યવાહી બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૧૬ ના ઠરાવ ક્રમાંક:૧૬.૦૨.૫ અનુસાર નીચે મુજબની વિગતે ૧૧ માસ કરાર આધારીત ભરવા મંજૂરી આપવામાં આવેલ,જે અનુસંધાને ક્રમ નં.૧ થી ૧૦માં દર્શાવેલ જગ્યો ભરવા સમિતિની રચના કરવામાં આવેલ. સમિતિના અહેવાલની વિગતે ક્રમ ૧ થી ૭માં દર્શાવેલ જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી હાલ ચાલુ છે.

| ક્રમ | જગ્યાનું નામ |
|---|---|
| ૧ | સીનીયર એન્જિનીયર(સીવીલ) |
| ૨ | સુપરવાઈઝર(સીવીલ) |
| ૩ | પ્રોગ્રામર,નેટવર્ક એન્જીનીયર તથા તેને સમકક્ષ |
| ૪ | વિભાગીય અધિકારી |
| ૫ | આસી.લાઈબ્રેરીયન |
| ૬ | પી.ટી.આઈ. |
| ૭ | લેબોરેટરી આસિસ્ટન્ટ |

ઉપર્યુક્ત ક્રમ નં.૧ થી ૭ માં દર્શાવેલ જગ્યાઓ ભરવા ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ જેની અંતીમ તા.૧૮/૦૭/૨૦૧૯ રાખવામાં આવેલ. અરજદારો દ્વારા ભરવામાં આવેલ અરજી પત્રોની સ્કુટીની તથા ભરતી કરવા અંગેની કાર્યવાહી કરવાની થાય છે જે અનુસંધાને નિર્ણય કરવા અર્થે રજૂ.

**ઠરાવ ક્રમાંક:૧૭.૧૦**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં ૧૧ માસ કરાર આધારીત જગ્યા ભરવા અંગે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ જેને અંતીમ તા:૧૮/૦૭/૨૦૧૯ હતી જે પૂર્ણ થયેલ છે.આવેલ અરજીઓની સ્કુટીની કરી ભરતી પ્રક્રિયા નીચે મુજબની કમિટિ દ્વારા પૂર્ણ કરવાની રહેશે.**

**૧) વીસી નોમીની**

નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ

| | |
|---|---|
| | ૨) વીસી નોમીની (વિષય નિષ્ણાંત)<br>૩) કુલસચિવશ્રી<br>૪) ડૉ. જય ત્રિવેદી પ્રતિનિધીશ્રી એક્ઝીક્યુટીવ કાઉન્સિલ<br>૫) પ્રો.(ડૉ.) અતુલ એચ. બાપોદરા ડીપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી એન્ડ ફોરેન્સિક સાયન્સ<br>ઉક્ત કમીટી દ્વારા માનનીય કુલપતિશ્રી સાથે પરામર્શ કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.<br>વધુમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે કાર્યરત ૫ (પાંચ) અનુસ્નાતક ભવનો અંતર્ગત ૬ જુદા જુદા વિભાગોમાં શૈક્ષણિક કામગીરીના ભારણને ધ્યાને લઈ શૈક્ષણિક કર્મચારીઓની આવશ્યકતા જણાતા વર્તમાનપત્રોમાં જાહેરાત આપી લાયકાત ધરાવતા ઉમેદવારોના ઓપન ઈન્ટરવ્યુની કાર્યવાહી કરી ૧૧ માસ કરાર આધારીત શૈક્ષણિક કર્મચારીઓ (Teaching Assistant)ની સેવા લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |
| ૧૭.૧૧<br>એકેડેમિક | **સીમાર સર્વોદય સોસાયટી દ્વારા નવી BRS કોલેજનું જોડાણ વર્ષ ૨૦૧૮–૧૯માં મંજૂર કરવામાં આવેલ જેમા કુલપતિશ્રી દ્વારા ૬૦ની ઈન્ટેક મંજૂર કરવામાં આવેલ. કોલેજ દ્વારા BRS કોલેજની ઈન્ટેક ૧૨૦ કરવા આવેલ અરજી અંગે નિર્ણય અર્થે રજૂ.**<br>સીમાર સર્વોદય સોસાયટી દ્વારા BRS કોલેજની ઈન્ટેક ૧૨૦ કરવા અંગેની અરજી પરત્વે એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠકનં. ૧૬ના ઠરાવ ક્રમાંક ૧૬.૭૨.૪ અનુસાર સ્થાનિક તપાસ સમિતિ નિમણૂંક કરી સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની આગામી બેઠકમાં રજૂ રાખવાનું ઠરાવવામાં આવેલ.<br>જે અનુંસધાને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા સીમાર સર્વોદય સોસાયટી દ્વારા બીઆરએસ કોલેજની ઈન્ટેક ૧૨૦ કરવા અંગેની અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિની નિયુક્તિ કરવામાં આવેલ. સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ વંચાણે લઈ વિચારણા કરવા અર્થે રજૂ.<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૧૧**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા સીમાર સર્વોદય સોસાયટી દ્વારા બીઆરએસ કોલેજની ઈન્ટેક ૧૨૦ કરવા અંગેની અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ વંચાણે લઈ ઈન્ટેક સંખ્યા ૧૨૦ કરવા અંગે સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.** |
| ૧૭.૧૨<br>એકેડેમિક | **ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજો દ્વારા લેવાતી ફી નું મોનીટરીગ કરવા બાબત.**<br>ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેની ના પત્ર ક્રમાંક:ઉ.શિ.ક/૨૦૧૯/૧૦૬૮ તા.૧૨/૦૭/૨૦૧૯ ના પત્ર વંચાણે લઈ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ, કોમર્સ, આર્ટસ,લો તથા હોમ સાયન્સ વગેરેના અભ્યાસક્રમ ચલાવતી સ્વનિર્ભર કોલેજો દ્વારા લેવામાં આવતી ફી સમયાન્તરે મોનીટરીગ કરી વિગતવાર અહેવાલ રજૂ રાખવા જણાવેલ છે.સદર પત્ર વંચાણે લઈ ફી મોનીટરીગ અંગે કાર્યવાહી અંગે વિચારણા કરવા અર્થે રજૂ.<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૧૨**<br>**ઉક્ત વિગતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની ક્ચેની ના પત્ર ક્રમાંક:ઉ.શિ.ક/૨૦૧૯/૧૦૬૮ તા.૧૨/૦૭/૨૦૧૯ ના પત્ર વંચાણે લીધો અને પત્રની વિગતે બી.એડ્ ફી નિર્ધારણ સમિતિ દ્વારા નિયત કરવામાં આવેલ ફી મુજબ જ તમામ સ્વનિર્ભર કોલેજોમાં ફી લેવાય છે.જે અંગે બી.એડ્ મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જે અંગેનો પ્રત્યુતર કુલસચિવશ્રી દ્વારા રાજ્ય સરકારશ્રીને પાઠવવામાં આવેલ છે.ઉક્ત વિગતની એક્ઝીક્યુટીવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રી દ્વારા નોંધ લેવામાં આવે છે.** |
| ૧૭.૧૩<br>એકેડેમિક | **Gujarat State Institutional Rating Framework-2019 માં ભાગ લેવા અંતર્ગત થયેલ ખર્ચ મંજૂર કરવા બાબત.**<br>કેસીજી અમદાવાદ દ્વારા Gujarat State Institutional Rating Framework-2019 નું આયોજન કરવામાં આવેલ છે.જેમાં ભાગ લેવા માટે કેસીજીના પત્ર ક્રમાંક: KCG/2019-20/1333-1336 Dt:02-07-2019 અનુસાર જરૂરી ફી રૂ.૭૦૦૦૦/– જમા કરાવવામા આવેલ જે મંજૂર કરી માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા રજૂ. |

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

| | |
|---|---|
| | **ઠરાવ ક્રમાંક:૧૭.૧૩**<br>**Gujarat State Institutional Rating Framework-2019 માં ભાગ લેવા જરૂરી ફી અંતર્ગત થયેલ ખર્ચ રૂા.૭૦૦૦૦/– (સીતેર હજાર) મંજૂર કરી માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવામાં આવે છે.** |
| **૧૭.૧૪ એકેડેમિક** | **શ્રી શ્યામ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ કોલેજ ટ્રાન્સફર તથા સ્થળ ફેરફાર કરવા અંગે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.**<br>શ્રી શ્યામ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન શ્રી પ્રભાસ કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલીત શ્રી સ્વામીનારાયણ કોમર્સ કોલેજ,પ્રભાસ પાટણને કોલેજ સ્થળ ફેરફાર તેમજ ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ કોલેજ ટ્રાન્સફર કરી આપવા અંગેની અરજી વંચાણે લઈ વિચારણા કરવા અર્થે રજૂ.<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૧૪**<br>**શ્રી શ્યામ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન શ્રી પ્રભાસ કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલીત શ્રી સ્વામીનારાયણ કોમર્સ કોલેજ,પ્રભાસ પાટણને કોલેજ સ્થળ ફેરફાર તેમજ ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ કોલેજ ટ્રાન્સફર કરી આપવા અંગેની અરજી વંચાણે લીધી ચર્ચા વિચારણાને** અંતે સર્વ સભ્યશ્રીઓ દ્વારા નિચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.<br>**"શ્રી સ્વામીનારાયણ કોમર્સ કોલેજ,પ્રભાસ પાટણ દ્વારા કોલેજ બંધ કરવા અંગેની અરજી મુજબ કાર્યવાહી કરી શકાય અને કોલેજ ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ કોલેજ ટ્રાન્સફર કરવા અંગેની અરજી ના મંજૂર કરવામાં આવે છે."** |
| **૧૭.૧૫ એકેડેમિક** | **ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજો પાસેથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે ચાલુ તથા વધારાના જોડાણ અંગેની અરજીઓ મંગાવવા બાબત.**<br><br>**ઠરાવ ક્રમાંક:૧૭.૧૫**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજો પાસેથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે ચાલુ તથા વધારાના જોડાણ અંગેની અરજીઓ મંગાવવા અંગે સેકશન ૪૦ ની વીગતે માત્ર ચાલુ વર્ષ માટે એક માસનો સમયગાળો વધારી અરજીઓ મંગાવવા પરીપત્ર કરવાનું ઠરાવવામાં આવે છે.**<br>**રેગ્યુલર ફી સાથે અરજી કરવાની અંતીમ તારીખ ૩૧/૦૮/૨૦૧૯**<br>**રેગ્યુલર ફી + લેઈટ ફી સાથે અરજી કરવાની અંતીમ તારીખ ૩૦/૦૯/૨૦૧૯**<br>**રેગ્યુલર ફી + લેઈટ ફી + પેનલ્ટી ફી સાથે અરજી કરવાની અંતીમ તારીખ ૩૧/૧૦/૨૦૧૯**<br>**વધુમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે સ્નાતક કક્ષા અભ્યાસક્રમની જોડાણ અર્થે આવેલ અરજી પરત્વે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમના કોલેજના જોડાણ ન આપવા તથા નવી અરજીઓ માટેની જાહેરાત ન આપવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે પી.જી કોર્ષ,ડીપ્લોમા તથા સર્ટીફીકેટ કોર્ષ અંગેની માન્યતા આપવા અંગે નિયમાનુસાર કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |
| **૧૭.૧૬ એકેડેમિક** | **બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પત્ર ક્રમાંક:બીસીઆઈ:ડી:૩૨૧૭/૨૦૧૯ તા.૧૨/૦૭/૨૦૧૯નો પત્ર વંચાણે લઈ વિચારણા કરવા બાબત.**<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૧૬**<br>**બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પત્ર ક્રમાંક:બીસીઆઈ:ડી:૩૨૧૭/૨૦૧૯ તા.૧૨/૦૭/૨૦૧૯નો પત્ર વંચાણે લેવામાં આવ્યો અને કમીટીની રચના કરવા અંગે માનનીય કુલપતિશ્રીને અધિકૃત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |
| **૧૭.૧૭ એકેડેમિક** | **ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય કક્ષાના કોન્ફરન્સનું આયોજન કરવા બાબત.**<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૧૭**<br>**શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦માં ૨(બે) રાષ્ટ્રીય કક્ષાના કોન્ફરન્સનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.જેમાં એક કોન્ફરન્સ IQAC દ્વારા કરવી તેમજ બીજી કોન્ફરન્સ અનુસ્નાતક ભવનો પૈકી કોઈ અનુસ્નાતક ભવનની પ્રપોઝલ આવ્યેથી આયોજન કરવું.** |

મહેતા યુનિવર્સિટી નરસિંહ જૂનાગઢ

| | |
|---|---|
| ૧૭.૧૮<br>એકેડેમિક | **આદર્શ એજ્યુકેશન ટ્રસ્ટ સચાલીત તરફથી કોમર્સ કોલેજ બંધ કરવા અંગેની આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત**<br>આદર્શ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આદિત્ય કોમર્સ કોલેજ બંધ ઘરવા અંગે પત્ર ક્રમાંક ૩૮૦/૨૦૧૯ તા.૧૮/૦૭/૨૦૧૯ થી રજૂઆત કરેલ છે. ઉક્ત પત્ર વંચાણે લઈ કોમર્સ કોલેજ બંધ કરવા અંગેની આગળની કાર્યવાહી અર્થે રજૂ.<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૧૮**<br>**આદર્શ એજ્યુકેશન ટ્રસ્ટ સચાલીત તરફથી કોમર્સ કોલેજ બંધ કરવા અંગેની આવેલ અરજી વંચાણે લઈ કોમર્સ કોલેજ બંધ કરવા અંગે મંજૂરી આપી આગળની કાર્યવાહી માટે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |
| ૧૭.૧૯<br>એકેડેમિક | **મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,વેરાવળ ખાતે ચાલતા બી.સી.એ.ના અભ્યાસક્રમ બંધ કરવા અંગે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત**<br>ધી સોશ્યલ વેલફેર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત મહિલા આટર્સ એન્ડ કોમર્સ કોલેજ,વેરાવળ ખાતે ચાલતા બી.સી.એ. અભ્યાસક્રમ બંધ કરવા તા.૦૩/૦૭/૨૦૧૯ના પત્રથી રજૂઆત કરેલ છે. ઉક્ત પત્ર વંચાણે લઈ મહિલા આટર્સ એન્ડ કોમર્સ કોલેજ,વેરાવળ ખાતે ચાલતા બી.સી.એ. અભ્યાસક્રમ બંધ કરવા અંગેની આગળની કાર્યવાહી અર્થે રજૂ.<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૧૯**<br>**મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,વેરાવળ ખાતે ચાલતા બી.સી.એ.ના અભ્યાસક્રમ બંધ કરવા અંગે આવેલ અરજી વંચાણે લઈ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,વેરાવળ ખાતે ચાલતા બી.સી.એ.ના અભ્યાસક્રમ બંધ કરવા અંગે મંજૂરી આપી આગળની કાર્યવાહી માટે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |
| ૧૭.૨૦<br>એકેડેમિક | **શ્રી એમ.જે.ગોરીયા આટર્સ,કોમર્સ, બી.બી.એ. એન્ડ હોમ સાયન્સ કોલેજ ખાતે ચાલતા બી.સી.એ. અભ્યાસક્રમ બંધ કરવા અંગે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત**<br>વિશ્વા ભારતી માનવ વિકાસ સંઘ સચાંલિત શ્રી એમ.જે.ગોરીયા આટર્સ,કોમર્સ, બી.બી.એ. એન્ડ હોમ સાયન્સ કોલેજ ખાતે ચાલતા બી.સી.એ. અભ્યાસક્રમ બંધ કરવા પત્ર ક્રમાંક: જોડાણ/૨૭૮/૨૦૧૯/રૂબરૂ તા.૮/૭/૨૦૧૯ પત્રથી રજૂઆત કરેલ છે.ઉક્ત પત્ર વંચાણે લઈ શ્રી એમ.જે.ગોરીયા આટર્સ,કોમર્સ, બી.બી.એ. એન્ડ હોમ સાયન્સ કોલેજ ખાતે ચાલતા બી.સી.એ. અભ્યાસક્રમ બંધ કરવા અંગેની આગળની કાર્યવાહી અર્થે રજૂ.<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૨૦**<br>**શ્રી એમ.જે.ગોરીયા આટર્સ,કોમર્સ, બી.બી.એ. એન્ડ હોમ સાયન્સ કોલેજ ખાતે ચાલતા બી.સી.એ. અભ્યાસક્રમ બંધ કરવા અંગે આવેલ અરજી વંચાણે લઈ શ્રી એમ.જે.ગોરીયા આટર્સ,કોમર્સ, બી.બી.એ. એન્ડ હોમ સાયન્સ કોલેજ કોલેજ ખાતે ચાલતા બી.સી.એ. અભ્યાસક્રમ બંધ કરવા અંગે મંજૂરી આપી આગળની કાર્યવાહી માટે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |
| ૧૭.૨૧<br>પરીક્ષા | **પ્રથમ પદવીદાન સમારોહના આયોજન માટે જરૂરી કમિટિની રચના કરવા બાબત**<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૨૧**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ આગામી સપ્ટેમ્બર/ઓક્ટોબર માસમાં આયોજીત કરવાનુ ઠરાવવામાં આવે છે.વધુમાં માનનીય વડાપ્રધાનશ્રીને અત્રેની યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારોહમાં આમંત્રિત કરવા અને વડાપ્રધાનશ્રી સમય ફાળવે/અનુકુળતા દર્શાવે તે સમયે પદવીદાન સમારોહનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.પ્રથમ પદવીદાન સમારોહ માટે નીચે મુજબ સમિતિનીનું ગઠન કરવામાં આવે છે.**<br>**૧)પ્રો (ડૉ.) અતુલ એચ. બાપોદરા પ્રોફેસર,ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ**<br>**૨)પ્રો (ડૉ.) સુહાસ વ્યાસ પ્રોફેસર,ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ**<br>**૩)સુ.શ્રી. ભાવનાબેન અજમેરા સભ્યશ્રી,એક્ઝીક્યુટીવ કાઉન્સિલ**<br>**૪)પ્રા.જીવાભાઈ વાળા સભ્યશ્રી,એક્ઝીક્યુટીવ કાઉન્સિલ** |

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ**

| | | |
|---|---|---|
| | ૫)ડૉ.જીતેન્દ્ર ભાલોડીયા | સીસ્ટમ મેનેજર,ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ |
| | ૬)ડૉ. દિલસુખ સુખડીયા | પરીક્ષા નિયામક ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ |
| | ૭)શ્રી ધવલ ત્રિવેદી | પ્રાધ્યાપક સ્વામિનારાયણ ગુરૂકુળ,જૂનાગઢ |
| | ૮)સુ.શ્રી. દીનાબેન લોઢીયા | પ્રાધ્યાપક, બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ,જૂનાગઢ |

**૧૭.૨૨ આઈટી સેલ**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી મેનેજમેન્ટ સીસ્ટમની સેવાઓ મેળવવા બાબત**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ રાજ્ય સરકારના જાહેર સાહસ GIPL સાથે ત્રણ વર્ષ માટે યુનિવર્સિટી મેનેજમેન્ટ સીસ્ટમ અંતર્ગત સેવાઓ પુરી પાડવા અંગે કરાર કરવામાં આવેલ હતો જે ૫ જુલાઈ ૨૦૧૯ના રોજ પૂર્ણ થયેલ છે.જેમાં UMS Hosting Charge વાર્ષિક રૂ.૧૨,૦૦૦૦૦/– (બાર લાખ રૂપીયા) અને પ્રતિ પરીક્ષા પ્રતિ વિદ્યાર્થી દિઠ ૧૫ રૂપીયા પ્રમાણે કરાર કરવામાં આવેલ હતો.

તા.૨૭/૦૭/૨૦૧૯ના રોજ માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યુનિવર્સિટીના અધિકારીગણ એકઝીકયુટીવ કાઉન્સિલના સરકારી પ્રતિનિધી ડૉ. જય ત્રિવેદી તથા GIPL ના CEO અને પ્રોજેકટ મેનેજર તથા ટીમના અન્ય સભ્યોની હાજરીમાં એક બેઠકનું આયોજન થયેલ જેમાં નીચે મુજબની વિગતે કરાર રીન્યુ કરવાનો નિર્ણય કરવામાં આવેલ.

૧) GIPL રાજ્ય સરકારનું જાહેર સાહસ હોવાથી ટેન્ડર પ્રક્રિયા વિના સેવાઓ મેળવી શકાય છે માટે આ કરાર રીન્યુ કરવાનું નક્કી કરવામાં આવેલ

૨) GIPL રાજ્ય સરકારની જુદી જુદી આઠ યુનિવર્સિટી સાથેના ઉક્ત સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.

૩) GIPL દ્વારા વિદ્યાર્થીલક્ષી એક મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરી યુનિવર્સિટીને આપવામાં આવશે.જે અંગે GIPL દ્વારા સહમતી આપવામાં આવેલ છે.

૪) GIPL દ્વારા પરીક્ષા વ્યવસ્થાના ભાગરૂપે ઓબ્ઝરવરના ઓર્ડર તથા પરીક્ષાકેન્દ્રના લોકેશન બેઈઝ એક મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરી યુનિવર્સિટીને આપવામાં આવશે. જે અંગે GIPL દ્વારા સહમતી આપવામાં આવેલ છે.

૫) Hosting Charge અગાઉના કરાર મુજબ રહેશે.

૬) શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે પ્રતિ પરીક્ષા પ્રતિ વિદ્યાર્થી રૂ.૧૫ ચાર્જ રહેશે.શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૦૨૧ માટે ૧૦ ટકા વધારા સાથે પ્રતિ પરીક્ષા પ્રતિ વિદ્યાથી રૂ.૧૬.૫૦ ચાર્જ રહેશે. ૨૦૨૧–૨૦૨૨ માટે પ્રતિ પરીક્ષા પ્રતિ વિદ્યાથી રૂ.૧૬.૫૦માં ૫ ટકા વધારા સાથે સેવાઓ પુરી પાડવા અંગે GIPL દ્વારા સહમતી આપવામાં આવેલ છે.

ઉક્ત વિગતોને આધીન માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા અર્થે રજૂ.

**ઠરાવ ક્રમાંકઃ૧૭.૨૨**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી મેનેજમેન્ટ સીસ્ટમની સેવાઓ મેળવવા અંગે GIPL ( Guj Info Petro Ltd, 2nd Floor, Block 15, Udhyog Bhavan, Sector 11, Gandhinagar,) સાથે તા.૦૬/૦૭/૨૦૧૯થી ત્રણ વર્ષ માટે એટલી કે તા.૦૫/૦૭/૨૦૨૨ સુધી કરાર કરવા અંગે સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે તેમજ અત્રેની યુનિવર્સિટી અને GIPL વચ્ચે UMS Hosting Charge વાર્ષિક રૂ.૧૨,૦૦૦૦૦/– (બાર લાખ રૂપીયા) અને ઉક્ત ક્રમ નં.૧ થી ૬ નંબરની શરતો/સમજુતી અંગે એકઝીકયુટીવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તેમજ માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**

**૧૭.૨૩ જનરલ સ્ટોર**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે ખરીદવામાં આવેલ જનરેટની જાળવણી માટે Kiloskar કંપની સાથે વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ કરવા બાબત**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ગ્રામ્ય વિસ્તારમાં હોવાથી અવાન નવાર વિદ્યુત પ્રવાહ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ

| | |
|---|---|
| | બંધ રહે છે. જેથી યુનિવર્સિટીની રોજીદી કામગીરી યોગ્ય રીતે થઈ શકતી ન હોવાથી યુનિવર્સિટી દ્વારા નિયમાનુસાર ટેન્ડર પ્રક્રિયા કરી Kiloskar કંપનીનું 62.5KVA ૧૫૦ લીટર ડીઝલ કેપેસીટી વાળુ જનરેટરની ખરીદી ૨૦૧૭માં કરવામાં આવેલ. જેની વોરંટીનો સમયગાળો પૂર્ણ થયેલ હોય જનરેટરની યોગ્ય જાળવણી માટે Kiloskar કંપની સાથે વાર્ષિક મેઈન્ટેનન્સ કરવાનો થાય છે.જે અનુસંધાને Kiloskar કંપની પાસેથી વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ અંગે પ્રપોઝલ મંગાવવામાં આવેલ. Kiloskar કંપની દ્વારા પ્રપોઝલમાં ત્રણ વર્ષના માટેના વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાન્ટ માટે રૂા.૨૩,૬૦૦/– દર્શાવેલ છે. જે વંચાણે લઈ યોગ્ય નિર્ણય કરવા અર્થે.<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૨૩**<br>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે ખરીદવામાં આવેલ જનરેટની જાળવણી માટે **Kiloskar** કંપની સાથે વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ કરવા અંગે **Kiloskar** કંપની દ્વારા મોકલવામાં આવેલ પ્રપોઝલમાંની વંચાણે લેવામાં આવી. પ્રપોઝલ વિગતે ત્રણ વર્ષના માટેના વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ માટે રૂા.૨૩,૬૦૦/–(GST સાથે)નો ખર્ચ મંજૂર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |
| ૧૭.૨૪<br>હિસાબી | ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના સમયગાળામાં યુનિવર્સિટી દ્વારા વસુલવામાં આવેલ જોડાણ ફી તેમજ અન્ય ફી બાબતે ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ ડીપાર્ટમેન્ટ તરફથી અત્રેની યુનિવર્સિટીને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ તે અંગે પ્રત્યુતર પાઠવવા તથા ભવીષ્યમાં જો કોઈ કાયદાકીય કાર્યવાહી કરવાની થાય તો તેના નિર્ણય અર્થે રજૂ.<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૨૪**<br>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીને ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ ડીપાર્ટમેન્ટ તરફથી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ તે અંગે પ્રત્યુતર પાઠવવા તથા ભવીષ્યમાં જો કોઈ કાયદાકીય કાર્યવાહી કરવાની થાય તો તે માટે નિર્ણય કરવા અંગે માનનીય કુલપતિશ્રીને અધિકૃત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |
| ૧૭.૨૫<br>ટેબલ<br>આઈટમ<br>નં.૧ | અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તેવી બાબત<br>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે ચાલુ જોડાણ/વધારાના જોડાણ અંગે આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ વંચાણે લઈ ચાલુ/ વધારાના જોડાણ મંજૂર કરવા અર્થે રજૂ. (પરીશિષ્ટ ૧ મુજબ)<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૨૫.૧**<br>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે ચાલુ જોડાણ/વધારાના જોડાણ અંગે આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ વંચાણે લઈ પરીશિષ્ટ ૧ મુજબ ચાલુ/ વધારાના જોડાણ મંજૂર કરવામાં આવે છે અને આગળની કાર્યવાહી માટે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |
| ૧૭.૨૫<br>ટેબલ<br>આઈટમ<br>નં.૨ | ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો તથા સંલગ્ન કોલેજો ખાતે ડીપ્લોમા/સર્ટીફીકેટ કોર્ષ માટે તૈયાર કરવામાં આવેલ ઓર્ડીનન્સ,અભ્યાસક્રમ, ધારાધોરણોમાં એકેડેમિક કાઉન્સિલ દ્વારા સૂચવવામાં આવેલ સુધારાઓ બાબત<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૨૫.૨**<br>એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૧૬ના ઠરાવ નં.૧૬.૦૩.૩ અનુસાર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો તથા સંલગ્ન કોલેજો ખાતે ડીપ્લોમા/સર્ટીફીકેટ કોર્ષ શરૂ કરવા અંગે સંબંધિત કોર્ષનાં અભ્યાસક્રમો, ઓર્ડીનન્સ તથા ધારાધોરણ નિયત કરવા કમિટિનું ગઠન કરવામાં આવેલ. સદર કમીટી દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમ,ધારાધોરણો અંગેના અહેવાલ એકેડેમિક કાઉન્સિલની બેઠક નં. ૨માં વંચાણે લેવામાં આવેલ જેમા સભ્યશ્રીઓએ સૂચવેલ સુધારા વધારા કમીટી દ્વારા પુનઃ અહેવાલ રજૂ કરવા અંગે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો તથા આગળની કાર્યવાહી માટે માનનીય કુલપતિશ્રીને અધિકૃત કરવામાં આવે છે. |

નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

| | |
|---|---|
| ૧૭.૨૫ ટેબલ આઈટમ નં.૩ | ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીને રૂસા અંતર્ગત ફાળવવામાં આવેલ કુલ અનુદાનની રકમમાંથી બાકી રહેલ અનુદાનની રકમ પરત કરવા અંગે કેસીજી દ્વારા આવેલ પત્ર અંગે ચર્ચા વિચારણા કરવા બાબત<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૨૫.૩**<br>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીને રૂસા અંતર્ગત ફાળવવામાં આવેલ કુલ અનુદાનની રકમ રૂા.૯,૬૨,૫૦,૦૦૦/– માંથી જુન ૨૦૧૯ સુધી થયેલ અનુદાનના વપરાશ બાદ વધેલ અનુદાનની રકમ પરત કરવા અંગે કેસીજી દ્વારા પત્ર ક્રમાંક:એસએનઓ/રૂસા/૨/૨૦૧૯–૨૦/૧૫૩૪ તા.૧૬/૦૭/૨૦૧૯થી જણાવવામાં આવેલ છે.જે અંગે ચર્ચા વિચારણા કરી સર્વ સભ્યશ્રીઓ દ્વારા સદર ગ્રાંન્ટ યુનિવર્સિટીના વિકાસ અર્થે ફાળવેલ હોય તેમજ યુનિવર્સિટીમાં અનુસ્નાતક ભવનો ખાતે ભવિષ્યમાં જરૂરી સાધન સામગ્રીની આવશ્યકતાને ધ્યાને લઈ બાકી રહેલ અનુદાનની રકમ પરત ન કરવા અંગે રાજ્ય સરકારશ્રીને પુનઃ રજૂઆત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |
| ૧૭.૨૫ ટેબલ આઈટમ નં.૪ | રાજ્ય સરકારશ્રીના Notification No: GH/SH/58/BNY/122018/5010/KH2, dated 22nd July, 2019 થી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે નિયુક્તિ થયેલ કુલપતિશ્રીને સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણાનો લાભ આપવા બાબત<br>**ઠરાવ ક્રમાંક:૧૭.૨૫.૪**<br>રાજ્ય સરકારશ્રીના Notification No: GH/SH/58/BNY/122018/5010/KH2, dated 22nd July, 2019 થી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે નિયુક્તિ થયેલ કુલપતિશ્રીને રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૧૮/૧૯૨/ખ તા.૦૧/૦૨/૨૦૧૯ અનુસાર પત્રકમાં દર્શાવેલ માનનીય કુલપતિશ્રીના પગાર ધોરણની વિગત મુજબ રૂા.૨૧૦૦૦૦/–ફિક્સ +૫૦૦૦/– ખાસ ભથ્થુ/મહીને મુજબ પગાર સુધારણાનો લાભ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |

I/c રજીસ્ટ્રાર

ક્રમાંક: બીકેએનએમયુ/ રજી./EC-17/૨૮૫/૨૦૧૯–૨૦
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,રોડ,ખડીયા, જુનાગઢ
તા. ૨૫/૦૭/૨૦૧૯

**પ્રતિ,**

- એકઝીકયુટીવ કાઉન્સીલના સર્વે સભ્યશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના :**

- માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી
- એકેડેમિક વિભાગ
- હિસાબી વિભાગ
- પરીક્ષા વિભાગ
- એકેડેમિક ઓફીસર(ઓએસડી)
- જનરલ સ્ટોર વિભાગ